# ગાંધીનગર ડેપોથી ૮૧ બસોનુ વિવિધ રૂટમાં સંચાલન

**૪૫૦૦ પરીક્ષાર્થીઓએ લાભ લીધો : ભાવનગર , સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, ડિસા પાલનપુર સહીતના સેન્ટરો પર પરીક્ષાર્થીઓની અવરજવરને અનુલક્ષી ખાસ બસો દોડી : ડેપોમાં દિવસ દરમિયાન રજાના દિવસે પણ ટ્રાફિક રહ્યો**





ગાંધીનગર તા ૯

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે જુનિયર કલાર્ક સંવર્ગની પરીક્ષા લેવામાં આવી હતી. જયારે પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાં પણ અંદાજિત ૩૭ હજાર જેટલા પરીક્ષાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જયારે જિલ્લામાંથી બહાર ગામ પરીક્ષા આપવા જનારા ઉમેદવારોની સંખ્યા પણ વિશેષ હોવાથી એસ ટી ડેપો દ્વારા આ મામલે ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ડેપો કક્ષાએથી પરીક્ષાર્થીઓને અનુલક્ષી સાબરકાંઠા, ઉત્તર ગુજરાત અને ભાવનગર , સુરેન્દ્રનગર સહીતના વિવિધ રૂટમાં કુલ ૮૧ બસો દોડાવામાં આવી હતી. ડેપોમાં દિવસ દરમિયાન પરીક્ષાર્થીઓની અવરજવરને અનુલક્ષી વિશેષ ટ્રાફિક રહ્યો હતો.

પંચાયત સેવા મંડળ દ્વારા જુનિયર કલાર્કની પરીક્ષાને અનુલક્ષી શહેરના એસ ટી ડેપો ખાતે આજે વિશેષ ટ્રાફિક જોવા મળ્યો હતો. સમગ્ર રાજયમાંથી ૭ લાખથી વધુ પરીક્ષાર્થીઓ આ કસોટીમાં જોડાયા હતા. ગાંધીનગર જિલ્લામાં પણ પરીક્ષાને અનુલક્ષી વિવિધ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જયારે જિલ્લામાંથી બહારના સેન્ટરો પર પરીક્ષા આપવા જનારા પરીક્ષાર્થીઓની સંખ્યા પણ વિશેષ હતી. જેના લીધે દિવસ દરમિયાન નગરના એસ ટી ડેપોમાં સતત અવરજવર જોવા મળી હતી. એસ ટી ડેપો કક્ષાએથી પણ બહારના સેન્ટરો પર પરીક્ષા આપવા માટે ખાસ બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી જયારે ગાંધીનગર આવતા ઉમેદવારોને ધ્યાનમાં રાખીને પણ જરૂરી રૂટમાં બસ સેવા ગોઠવવામાં આવી હતી. ગાંધીનગરથી ડીસા, પાલનપુર, પાટણ, ભાવનગર, સુરેન્દ્રનગર, મહેસાણા સહીત ઉત્તર ગુજરાત , સૌરાષ્ટ્ર અને સાબરકાંઠા વિસ્તારના જરૂરી રૂટમાં બસો દોડાવામાં આવી હતી. એસ ટી તંત્ર દ્વારા અગાઉથી જ પરીક્ષાર્થીઓ માટે ઓનલાઇન બુકીંગ અલબત્ત રીઝર્વેશનની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી ટ્રાફિક મુજબ ડેપો કક્ષાએથી બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આજે દિવસ દરમિયાન ગાંધીનગર ડેપોમાંથી પરીક્ષાર્થીઓને અવરજવર કરવા માટે કુલ ૮૧ જેટલી બસો દોડાવામાં આવી હતી જેના લીધે દિવસ દરમિયાન ગાંધીનગર ડેપોમાં પણ વિશેષ ટ્રાફિક રહ્યો હતો. જયારે પરીક્ષાને અનુલક્ષી મહીલા ઉમેદવારોનો પણ દુરના સેન્ટરમાં નંબર આવતા પરીક્ષાર્થીઓએ હાલાકી વેઠવાનો પણ વારો આવ્યો હતો જો કે એસ ટી તંત્રની બસ સેવા પરીક્ષાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી પુરવાર થઈ હતી. પરીક્ષાને અનુલક્ષી યોગ્ય બસ સેવાના સંચાલન સાથે એસ ટી ડેપોએ વધારાની આવક પણ રળી હતી.

## સાયન્સ સિટી ખાતે “એક્વાટિક ઈકોલોજી ટોક” કાર્યક્રમ યોજાયો

**નેચર ક્લબ અને ટ્રી વોકના સહયોગ આયોજિત કાર્યક્રમમાં દરિયાઈ પ્રદુષણની વિપરીત અસરો વિશે ચર્ચા કરાઇ**



ગાંધીનગર, તા. ૦૯

ગુજરાત સાયન્સ સિટી ખાતે નેચર કલબ અને ટ્રી વોકના સહયોગથી “એક્વાટિક ઈકોલોજી ટોક” કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં આશરે ૪૦થી વધુ પ્રકૃતિ પ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સાયન્સ સિટીના સિનિયર ક્યુરેટર ડો. દિશાંત પરાશર્યએ એક્વાટિક ઈકો સિસ્ટમ પર માર્ગદર્શન આપ્યુ હતુ, જેમાં તેમણે હાલના તબક્કે થઈ રહેલ દરિયાઈ પ્રદુષણની વિપરીત અસરો વિશે માહિતી આપી હતી. આ પછી પ્રકૃતિ પ્રેમીઓએ ગુજરાત સાયન્સ સિટીની પ્રસિદ્ધ એક્વાટિક ગેલેરીની મુલાકાત લઈ ઈકોલોજી પર જ્ઞાન મેળવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટી નિયમિત પણે આ પ્રકારના કાર્યક્રમો નેચર કલબ અંતર્ગત કરતી રહે છે.

## ક્રાઈમ બ્રાન્ચે હાથી દાંત સાથે એક મહિલા સહિત ચાર આરોપી ઓની ધરપકડ કરી

**પ્રતિબંધિત હાથીદાંતને વેચવા જતા પકડી પાડ્યા : ડમી ગ્રાહક મોકલી આરોપીઓને હાથીદાંત સાથે ઝડપ્યો સાથોસાથ આ ગુનામાં સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી**

અમદાવાદ,તા.૯

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે હાથી દાંત સાથે એક મહિલા સહિત ચાર આરોપી ઓની ધરપકડ કરી છે. આરોપીઓ વેરાવળથી હાથીદાંત લાવીને વેચવાના ફિરાકમાં હતા. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે ડમી ગ્રાહક મોકલી પ્રતિબંધિત હાથીદાંત કબ્જે કર્યો.ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રહેલા આ ચારેય આરોપીઓના નામ પ્રકાશ જૈન, દાઉદ ખોખર, રાવિયા ખોખર અને અનિશ ખોખર છે. પકડાયેલ આરોપીઓને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રતિબંધિત હાથીદાંતને વેચવા જતા પકડી પાડ્યા છે. ક્રાઈમ બ્રાન્ચ ને બાતમી મળી હતી કે આરોપી પ્રકાશ જૈન એન્ટિક ચીજવસ્તુ ઓની વેચાણ કરી રહ્યો છે. અને તેની પાસે એક હાથી દાંત છે. જે વહેચવાની ફિરાકમાં છે. જે આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ડમી ગ્રાહક મોકલી આરોપીઓને હથીદાંત સાથે ઝડપ્યો સાથોસાથ આ ગુનામાં સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી.પકડાયેલ આરોપીઓ પાસેથી પોલીસે ૧૪ કિલો વજનનો હાથી દાંત પણ કબ્જે કર્યો છે. જે દાંત આરોપીઓ વેરાવળના પિતા પુત્ર શહેબાઝ કબરાણી અને અબ્દુલ કરીમ કબરાણી પાસે થી લાવ્યા હતા અને ફતેપુરામાં એક મકાનમાં રાખવામાં આવ્યો હતો. પ્રકાશ જૈન આ દાંત ૩૫ લાખમાં વહેચવાની ફિરાક માં હતો. પોલીસ પૂછપરછ દરમ્યાન એ પણ સામે આવ્યું છે કે પ્રકાશ જૈન વર્ષ ૧૯૯૨ થી ૨૦૦૬ સુધી તામિલનાડુના સેલમમાં રહેતો જ્યાં ચંદનચોર વિરપ્પનના પરિવારજનો પણ રહે છે.

જોકે આરોપી તેના સંપર્કમાં હતો કે કેમ તે અંગે પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.હાલમાં પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરીને તેઓની પૂછપરછ શરૂ કરી છે. જ્યારે વેરાવળના પિતા પુત્રની ધરપકડ કરવા માટેની તજવીજ પણ શરૂ કરી છે. જોકે તેઓની ધરપકડ બાદ જ હકીકત સામે આવશે કે તેમણે હાથીદાંત ક્યાંથી અને કેવી રીતે મેળવ્યો હતો.

## આર્યુવેદીક કોલેજમાં ભણતા ગાંધીનગરના યુવકનો આપઘાત

**રાજ્યમાં આપઘાતના કિસ્સામાં વધારો થઈ રહ્યો છેઃ કોઈ અગમ્ય કારણોસર વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો હતો, સમગ્ર બનાવ અંગે પોલીસને જાણ થતા પોલીસે સમગ્ર બનાવ અંગે તપાસ શરૂ કરી છે**

ગાંધીનગર, તા.૦૯

રાજયમાં આપઘાતના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. ગઈકાલે રાજકોટમાં એક ઝછના વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો હતો ત્યારે જામનગરની આર્યુવેદ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો છે. મુળ ગાંધીનગરનો વતની અને જામનગરની આર્યુવેદિક કોલજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ વહેલી સવારે આપઘાત કરી લેતા કોલેજના વિદ્યાર્થીઓમાં સોંપો પડી ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને આપઘાત અંગે વધુ તપાસ હાથ ધરી હતી. બનાવની મળતી જાણકારી મુજબ, ગાંધીનગરનો વતની અને જામનગરની આર્યુવેદિક કોલેજના એમડીના પ્રથમ વર્ષમાં અભ્યાલ કરતો વિદ્યાર્થી પટેલ કોલોની વિસ્તારમાં રહેતો હતો. પટેલ કોલોની વિસ્તારમાં એક મકાનમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા રોનક ખારડી નામના વિદ્યાર્થીએ પોતાના રૂમમાં જ આત્મહત્યાકરી લીધી હતી. વિદ્યાર્થીના આપઘાતની જાણ થતા જામનગર સિટી બી ડિવિઝનનો પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે રોનકના આપઘાત વિશે તેના પરિવારને જાણ કરી હતી અને રોનકનો મૃતદેહનો કબજો તેને સોપવાની કાર્યવાહી હાથ ધરી હતી. રોનક ખારાડીએ કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ જાણવા મળ્યુ નથી. પોલીસે મૃતકના પરિવારજનો તેમજ પેઈંગ ગેસ્ટમાં સાથે રહેતા તેના મિત્રોનું નિવેદન નોંધીને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. મળતી જાણકારી મુજબ, રાજકોટમાં કોઠારિયા રોડ પર આવેલા મેહુલનગરમાં રહેતા અને ઝછનો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાના ઘરમાં આપઘાત કરી લીધો હતો. જવાનજોધ પુત્રએ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સમગ્ર બનાવ અંગે ભક્તિનગર પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર બનાવ અંગે પોલીસે જણાવ્યુ હતુ કે, રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા મેહુલનગરમાં રહેતા અને ઝછનો અભ્યાસ કરતા ૨૦ વર્ષીય પાર્થ વિરલભાઈ ગોહેલે બપોરના સમયે પોતાના ઘરમાં જ આપઘાત કરી લીધો હતો.

## ગરીબ લોકોને લોન આપવાના બહાને ઠગાઈ કરતી મહીલા ગેંગ ઝડપાઈ

**આવાસના મકાનોમાં લોન આપવાનું કહી છેતરપિંડી કરી : રામોલ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે**

અમદાવાદ,તા.૯

આવાસના મકાનોમાં રહેલા ગરીબ લોકોને લોન આપવાના બહાને ઠગાઈ કરતી મહીલા ગેંગ ઝડપાઈ છે. રામોલ પોલીસે બે મહિલાની ધરપકડ કરી છે. જે મહિલાઓ લોન આપવાના બહાને લોકો સાથે ઠગાઈ કરતા હતા. અને રમકડાની નોટો બોક્સમાં મુકી છેતરપિંડી કરતા હતા.. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે બે મહિલાની ધરપકડ કરી. જોકે અન્ય એક આરોપી ફરાર છે. જેની શોધખોળ હાથ ધરવામાં આવી. શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા શિવમ આવાસ યોજનામાં ગઈકાલે બે મહિલાઓ મમતાબેન અને શોભાબેન લોકોને લોન આપવાના બહાને પહોંચ્યા હતા. જ્યાં તેમણે લોકોના ડોક્યુમેન્ટની ચકાસણી હાથ ધરી અને ૫ લાખની હોમ લોન મળશે તેવી વાતો કરતા હતાં.. ત્યાંજ ભોગબનનાર મહિલા પહોચી જતા બન્ને આરોપીને ઓળખી ગઈ હતી. જ્યાં આરોપીનો ભાંડો ફુટ્યો અને બન્ને મહિલાને લઈ પોલીસને જાણ કરવામાં આવી હતી. અને રામોલ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે.ઝડપાયેલ બન્ને આરોપીની પુછપરછ અને તેમની મોડસ ઓપરેન્ડી પર નજર કરતા તેઓ ખાનગી ફાઈનાન્સ કંપનીના લોન માટે ફોર્મ ભરાવતા અને ભોગ બનનાર પાસેથી લોન ના ચાર્જ પેટે ટુકડે ટુકડે રૂપિયા પડાવતા હતા. ભોગ બનનાર સાથે પણ ૬૦ હજારની છેતરપિડીં કરવામાં આવી હતી.. રૂપિયા મેળવ્યા બાદ આરોપી મહિલાએ નકલી નોટો એટલેકે રમકડાની નોટો ભરી ૨૦ લાખની લોન મળી છે. તેમ કહી એક પેકેટ આપ્યુ હતુ.. જે જોતા છેતરપિંડી થઈ હોવાનુ સામે આવ્યુ છે. જેથી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ તપાસમાં બે મહિલાઓએ સંખ્યાબધ્ધ લોકો સાથે ઠગાઈ કરી હોવાનુ સામે આવ્યુ છે. સાથે જ આ ટોળકીનો અન્ય એક આરોપી નિલેશ મંડાલીયા ફરાર છે. જેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. સાથે જ અન્ય ભોગ બનનાર સામે આવે અન્ય કોઈ ગુનો નોંધાય તેવી શક્યતાઓ છે. તેથી જ પોલીસે બન્ને મહિલાની ધરપકડ કરી. તેની ઓફિસ અને અન્ય ભોગ બનનાર ની શોધોખોળ હાથ ધરી છે. ત્યારે પોલીસ તપાસમાં શુ નવા ખુલાસા થાય છે. તે જોવુ મહત્વનું છે.



માનવ સેવા મંડળ,ગાંધીનગર તરફથી કૈલાસધામ વૃદ્ધાશ્રમ પેથાપુર, માવતર વૃદ્ધાશ્રમ ડભોડા અને રાહેલબા વૃદ્ધાશ્રમ, મગોડી ખાતે વૃદ્ધોને બિસ્કિટ અને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### રાયસણના ગુડાના આવાસધારકોની સામાન્ય સભા ૧૬મીએ

ગાંધીનગર, તા. ૯

રાયસણમાં બનેલા ગુડાના આવાસધારકોની સામાન્ય સભા આગામી તા. ૧૬મી એપ્રિલના રોજ યોજવામાં આવશે.રાયસણના ગુડાના મકાનોની આવાસ ફાળવણી પૂર્ણ થઈ ચૂકી છે. આવાસધારકોની મંડળીની રચના કરવાની હોઈ મકાનધારકોને આ મિટિંગ અંગે જાણ કરવામાં આવે છે. બહારગામ રહેતા આવાસધારકોએ આ બાબતની નોંધ લેવી.

## શારીરિક-માનસિક તંદુરસ્તી વધારવા માટે દસ કીમીની મેરેથોનનું આયોજન





ગાંધીનગર, તા.૯

અમદાબાદ ડિસ્ટન્સ રંનર્સ (ડ્રાયવીંગ ગ્રુપ) ધ્વરા ગોધાવી મણિપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ શિલા અમદાવાદમાં ૧૦ કી.મી. મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ડિસ્ટન્સ રંનર્સ ધ્વરા લોકોમાં શારીરિક અને માનસિક તંદુરસ્ત વધે એ માટે આ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. એડીઆર ડ્રાઈવિંગ ગ્રુપ કેપ્ટન શુકૃતિ દેસાઈ, પ્રમુખ ગોપી અને ઉપપ્રમુખ દિવ્યાબેને આ ઈવેન્ટનુ આયોજન કરવામાં આવ્યું હતું અને એમને જણાયું હતું કે અત્યારના આ ફાસ્ટ ફૂડના જમાનામા લોકો પોતાની શારીરિક તંદુરતીનુ ધ્યાન રાખતા નથી જેથી આ દોડનુ આયોજનથી લોકોમા પોતાની શારીરિક અને માનસીન તંદુરસ્તી માટેની જાગૃકતા વધે એમને જણાયું હતું કે એ.ડી.આર. ગ્રુપ ભવિષ્યમાં પણ આવી દોડનુ અમદાવાદ અને ગાંધીનગરના જુદા જુદા વિસ્તારમાં આયોજન કરવાંમા આવશે જેથી વધુમાં વધુ લોકો આમાં જોડાવી શકે તે માટે આ મેરેથોન આયોજનમાં જાહેર જનતાને આમંત્રણ આપવામાં આવે છે.

## આજે બટાટાના ખેડુતોને સહાય માટે અરજી કરવાનો છેલ્લો દિવસ

ગાંધીનગર, તા.૦૯

ગુજરાત સરકારમના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરનાં તા.૦૬/૦૩/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક બગત/૨૦૧૬/૨૭૦/ક-૮ થી જે ખેડુતોએ તા.૦૧/૦૨/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૩ દરમ્યાન કોલ્ડ સ્ટોરેજમાં માત્ર ખાવા માટેના બટાટા (ટેબલ પર્પજ) સંગ્રહ કર્યા હોય તેવા બટાટા પકવતા ખેડુતોએ પ્રતિ કિલો રૂ.૧/- લેખે ખેડુતને એક કટ્ટા દીઠ રૂ.૫૦ અને વધારેમાં વધારે ખેડુત દીઠ ૬૦૦ કટ્ટા (૩૦૦ ક્વિન્ટલ)ની મર્યાદામાં સહાય આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

જે ખેડુતોએ પોતાના ખેતરમાંથી ઉત્પાદિત ખાવાલાયક એટલે કે પ્રોસેસિંગ જાત અને બિયારણ સિવાયના બટાટા કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરેલ હોય તો જ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આ યોજના હેઠળ લાભ લેવા માટે ખેડુતે પોતાના માલનો સંગ્રહ બાબતે આઈ-ખેડુત પોર્ટલ ખુલ્યાથી અરજી કરવાની રહેશે અને કરેલ અરજી સાથે નીચે મુજબના સાધનિક કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-વિંગ, સેકટર-૧૧, ગાંધીનગરને રજુ કરવાના રહેશે. વધુમાં, ગાંધીનગર જિલ્લાના કોલ્ડ સ્ટોરેજ ધારકોએ અત્રેના જિલ્લામાં તાલુકાવાર આવેલ કોલ્ડ સ્ટોરેજની માહિતી, સરનામું, સંપર્ક નંબર તથા જે તે કોલ્ડ સ્ટોરેજમાં ખેડુતો દ્વારા બટાટાનો સંગ્રહ કરવામાં આવેલ હોય તેવા કોલ્ડ સ્ટોરેજવાઈઝ સ્ટોકની યાદી તથા સંગ્રહ કરનાર ખેડુતોની યાદી સ્વપ્રમાણિત કરી સહી/ સિક્કા સાથે તા.૧૦/૦૪/૨૩ સુધીમાં નાયબ બાગાયત નિયામકની કચેરી સરનામે મોકલી આપવાની રહેશે.

**સહાય મેળવવા જરૂરી દસ્તાવેજો**

૧) ૭/૧૨, ૮-અ ની નકલ,
૨) કોલ્ડ સ્ટોરેજની તથા તેમાં મૂકેલ બટાટાની વિગત (કોલ્ડ સ્ટોરેજની પહોંચ/ રજિસ્ટરની વિગત તથા સ્ટોક ખરાઈનુ પ્રમાણપત્ર)
૩) કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલ બટાટાનો જથ્થો દર્શાવતી પાવતીનો પુરાવો
૪) આધાર કાર્ડની નકલ
૫) તલાટી કમ મંત્રીનો બટાટાનો વાવેતરનો દાખલો
૬) આધાર નંબર લીંક કરેલ બેંક પાસબુકની નકલ

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧